**વંચાણે લીધા :**

**૧.** કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદના તા.૫/૮/૨૦૨૫ ના જા.નં. એન.એચ.ડી./પીબી/૨૩૭૦/૨૦૨૫ તથા
**૨.** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૦૭/૨૦૨૨, તા.૨/૩/૨૦૨૨ તથા
**૩.** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૮/૨૦૨૩, તા.૧૦/૪/૨૦૨૩ તથા
**૪.** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૨૫/૨૦૨૫, તા.૮/૮/૨૦૨૫ તથા
**૫.** કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ,અમદાવાદના તા.૨૧/૧/૨૦૨૬ ના જા.નં. એન.એચ.ડી./પીબી-૧/૧૯૨/૨૦૨૬ અન્વયે.

# જાહેરનામું

## પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૩/૨૦૨૬, તા.૭/૨/૨૦૨૬

હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં સાબરમતી નદી પરના શાસ્ત્રી બ્રિજ (પીરાણા જંકશનથી વિશાલા જંકશન તરફ જતા ડાબી તરફ આવેલ પુલ) ની કેટલીક બેરીંગ તથા પેડેસ્ટલ જર્જરિત થઇ ગયેલ હોવાથી તેનું સમારકામ કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ,અમદાવાદ દ્વારા કરી શકાય તે માટે ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ/ડાયવર્ઝન કરવા હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં પીરાણા જંકશન અને વિશાલા જંકશન વચ્ચે સાબરમતી નદી પરના હયાત જુના શાસ્ત્રી બ્રિજ (પીરાણા જંકશનથી વિશાલા જંકશન તરફ જતા ડાબી તરફ આવેલ પુલ) ની કેટલીક બેરીંગ તથા પેડેસ્ટલ જર્જરિત થઇ ગયેલ હોવાથી તેનું કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ દ્વારા નિરીક્ષણ કરતા પીરાણા જંકશન થી વિશાલા જંકશન તરફ જતા ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનોની અવર-જવર તાત્કાલિક બંધ કરવી પડે તેમ જણાઇ આવેલ છે. જેથી આ બ્રિજ ઉપર પીરાણા જંકશન થી વિશાલા જંકશન તરફ જતા પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના વંચાણે લીધા (૨) તથા (૩) થી પ્રતિબંધ ફરમાવેલ છે તેવા **તમામ પ્રકારના ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનોની અવર-જવર તા.૮/૧/૨૦૨૭ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા માટે** સંપુર્ણ બંધ કરવા પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાતુ હોય જેથી નીચે મુજબની વિગતે ઉક્ત વાહનોની અવર-જવર માટે રસ્તો બંધ/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | ભારે તથા મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | વિશાલા સર્કલ થી પીરાણા સર્કલ વાળો શાસ્ત્રી બ્રિજના બંને છેડાનો ૫૦૦ મીટરનો એમ કુલ ૪ કિલોમીટર જેટલો માર્ગ ભારે તથા | **૧.** લાંભા જશોદાનગર તથા બરોડા એક્સપ્રેસ વે તરફથી આવતો ટ્રાફિક પીરાણા જંકશનથી જમણી બાજુ વળી પીરાણા ડમ્પીંગ યાર્ડ થઈ કેલિકો મીલ બહેરામપુરા ચાર રસ્તા થઈ ડાબી |

| | | |
|---|---|---|
| | મધ્યમ પ્રકારના માલ વાહક અને પેસેન્જર વાહનોની અવર-જવર માટે બંધ રહેશે. | બાજુ વળી ડોક્ટર બાબા સાહેબ આંબેડકર બ્રિજ થઈ અંજલી ચાર રસ્તા થઈ ડાબી બાજુ વાસણા વિશાલા વાળા માર્ગે જઈ શકશે.<br>**૨.** સરખેજ જુહાપુરા તરફથી આવતો ટ્રાફિક વાસણા રોડ અંજલી ચાર રસ્તા થઈ જમણીબાજુ વળી ડૉક્ટર બાબા સાહેબ આંબેડકર બ્રિજ થઈ બહેરામપુરા ચાર રસ્તા કેલિકો મિલથી જમણી બાજુ વળી પીરાણા ડમ્પીંગ યાર્ડ થઈ પીરાણા જંકશન થઈ મુખ્ય માર્ગ ઉપર જશોદાનગર લાંભા બરોડા એક્સપ્રેસ રોડ તરફ જઈ શકશે. |

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૯/૨/૨૦૨૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી તા.૮/૧/૨૦૨૭ ના રાત્રી કલાક ૨૪.૦૦ સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૭/૨/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૭/૨/૨૦૨૬
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**( જી.એસ.મલિક )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેક્ટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બૅરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ

(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઇમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.
(૨૮) કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ,સાતમો માળ,બ્લોક-સી, બહુમાળી ભવન,વસ્ત્રાપુર,અમદાવાદ શહેર